વર્ષ:૨૦૧૫-૧૬ ની નવી બાબત..
અનુસૂચિત જાતિની અતિ પછાત જાતિઓ પૈકી ગરો-બ્રાહ્મણના યુવાનોને સંસ્કૃતના શિક્ષણ માટે એક માસની તાલીમ આપવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગે...
વહીવટી મંજૂરી કૂલ રૂ! ૫.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૨૦૧૪/૮૬૧૨૯૩/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- / 27 APR 2015

વંચાણમાં લીધા:-
૧) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો તા:૦૬/૦૪/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૫/૪૦-૪૧.
૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૧૧/૧૨/૨૦૧૪ નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૧૪/૬૭૩૬-૬૭૩૮.

આમુખ:-

૧) ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિની અતિ પછાત જાતિઓ પૈકી ગરો-બ્રાહ્મણના યુવાનો માટે સંસ્કૃતના શિક્ષણ માટે એક માસની તાલીમ આપવા માટેની વર્ષ:૨૦૧૫-૧૬ માં રૂ! ૫.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા માટે ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત જાતિ વિકાસ નિગમ દ્વારા ક્રમ-૧ ના તા:૦૬/૦૪/૨૦૧૫ ના પત્રથી રજુઆત કરેલ છે.

૨) તેમજ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ નં-૨ ના તા:૧૧/૧૨/૨૦૧૪ ના પત્રથી દરખાસ્તને મંજૂરી આપવા ભલામણ કરેલ છે.

ઉકત બાબતનો વર્ષ:૨૦૧૫-૧૬ માં રૂ! ૫.૦૦ લાખની નવી બાબત તરીકે અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે, પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિ પૈકી ગરો-બ્રાહ્મણના યુવાનો માટે સંસ્કૃતના શિક્ષણ માટે એક માસની તાલીમ આપવા માટેની વર્ષ:૨૦૧૫-૨૦૧૬ માં રૂ! ૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને અધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૨) આ બાબતે વહીવટી મંજૂરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનો ખર્ચ જે-તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૬) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૮) ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| **માંગણી ક્રમાંક** | **:- ૯૫ પ્લાન** |
| **મુખ્ય સદર** | **:- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ** |
| **પેટા મુખ્ય સદર** | **:- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,** |
| **ગૌણ સદર** | **:- ૧૯૦- જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય** |
| પેટા સદર | :- ૦૩, બી.સી.કે. ૪૧- અનુસૂચિત જાતિ માટેની ખાસ અંગભુત યોજના-ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ. |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૮/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કમલેશ શાહ)
સરકારના નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પયુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઈટ પર સદર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.